રાજકોટ સંરક્ષણ ગૃહમાંથી 11 બાળક ફરાર

દિવાલ પર લાગેલો સળિયો તોડીને ભાગ્યા હોવાની શક્યતા

છ બાળક ગ્રુપમાં જ્યારે અન્ય અલગ અલગ માર્ગે નીકળી ગયા

અમદાવાદ : રાજકોટના ગોંડલ રોડ ઉપર આવેલા બાળ સંરક્ષણ ગૃહમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા 11 બાળકો એકસાથે ફરાર થઈ જતાં શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. ફરાર થયેલા બાળકોમાંથી એક બાળક પરત ફર્યો હોવા છતાં હજુ 10 બાળકો ગુમ હોવાથી સમગ્ર પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.

પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી, ઝોન-2ના ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ જાણ થતાં જ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજની તપાસ, ડોગ સ્ક્વોડની મદદ તેમજ વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષામાં ગંભીર ખામીઓ સામે આવી છે. ગૃહની એક દિવાલ પર લગાવાયેલો લોખંડનો તાર તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસને શંકા છે કે બાળકો આ જ સ્થળેથી ફરાર થયા હોઈ શકે છે. તપાસ દરમિયાન બીજી એક એવી દિવાલ પણ સામે આવી છે જ્યાં કોઈ સુરક્ષા તાર નથી અને તેની પાછળ સીધો જાહેર માર્ગ આવેલો છે. દિવાલની ઊંચાઈ પણ ઓછી હોવાથી બાળકો માટે તેને પાર કરવી સરળ હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પરત ફરેલા બાળકે પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું છે કે બાળકો બે જૂથમાં વહેંચાઈને ફરાર થયા હતા. છ બાળકો એકસાથે ભાગ્યા હતા જ્યારે અન્ય બાળકો અલગ માર્ગે નીકળ્યા હતા. આ માહિતી પરથી પોલીસને શંકા છે કે બાળકો દ્વારા અગાઉથી ભાગી જવાની યોજના ઘડવામાં આવી હતી.

ઘટનાએ બાળ સંરક્ષણ ગૃહની સુરક્ષા વ્યવસ્થા સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. એક સાથે 11 બાળકો ફરાર થઈ જાય અને ફરજ પર રહેલા કર્મચારીઓ કે સુરક્ષા સ્ટાફને તેની જાણ પણ ન થાય, તે ગંભીર બેદરકારી તરફ ઈશારો કરે છે. ગૃહમાં સીસીટીવી કેમેરા હોવા છતાં આટલી મોટી ઘટના કેવી રીતે બની તે પણ તપાસનો વિષય બન્યો છે.

પોલીસ દ્વારા બાળ સંરક્ષણ ગૃહના અધિકારીઓ અને કર્મચારીઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. બાળકો કયા ગુનાઓ કે સંજોગોમાં અહીં રાખવામાં આવ્યા હતા, તેમની દેખરેખ માટે શું વ્યવસ્થા હતી અને સુરક્ષામાં ક્યાં ચૂક થઈ તે મુદ્દે તપાસ ચાલી રહી છે.

મહારાષ્ટ્રમાં ચોમાસું આગળ વધ્યું, દ.ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રિય

ચોમાસાની ગતિ તેજ બનતા 15થી 20 જૂન દરમિયાન વરસાદી માહોલ સર્જાવાની સંભાવના

સુરતઃ હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી 15થી 20 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં વરસી શકે છે. ચોમાસાની ઉત્તર તરફની ગતિ અને અરબ સાગરમાંથી સક્રિય બની રહેલી વરસાદી સિસ્ટમના કારણે રાજ્યમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ નૈઋત્યનું ચોમાસું હાલમાં મહારાષ્ટ્ર, તેલંગાણા અને પશ્ચિમ બંગાળના વધુ વિસ્તારોમાં આગળ વધી રહ્યું છે. ચોમાસાની ઉત્તરીય સીમા હાલ સોલાપુર, હૈદરાબાદ અને ધનબાદ પરથી પસાર થઈ રહી છે.

આગામી 48 કલાક દરમિયાન કર્ણાટક, તેલંગાણા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, દક્ષિણ છત્તીસગઢ, આંધ્રપ્રદેશ તેમજ મહારાષ્ટ્રના બાકીના વિસ્તારોમાં પણ ચોમાસાના આગમન માટે પરિસ્થિતિ સંપૂર્ણપણે અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. હાલમાં અરબ સાગરમાં સક્રિય વરસાદી સિસ્ટમ હરનાઈથી લઈને મુઝફ્ફરપુર સુધીના વિસ્તારોને આવરી રહી છે. આ સિસ્ટમ આગામી દિવસોમાં વધુ સક્રિય બની ઉત્તર દિશામાં આગળ વધશે, જેના કારણે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની શક્યતા છે.

દક્ષિણ ગુજરાતમાં ગરમી યથાવત, ભેજના પ્રમાણમાં વધારો

સુરત શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન 35.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન 28.8 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ 66 ટકા સુધી પહોંચ્યું હતું, જેના કારણે લોકો ઉકળાટભરી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન આશરે 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. હવામાન નિષ્ણાતોના મતે ભેજના વધતા પ્રમાણ અને વાદળછાયા વાતાવરણને કારણે આગામી દિવસોમાં વરસાદ માટે અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ રહી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળું પડતાં સ્થાનિક હવામાનમાં ફેરફાર

જમ્મુ અને પશ્ચિમ રાજસ્થાનના ઉપરના આકાશમાં સર્જાયેલું ચક્રવાતી દબાણ તથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હવે નબળું પડી ગયું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. હાલમાં પશ્ચિમ રાજસ્થાનથી ઉત્તર મધ્ય પ્રદેશ, દક્ષિણ ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ થઈ પશ્ચિમ બંગાળ સુધી એક સીઝનલ ટ્રફ લાઈન સક્રિય છે. આ સમગ્ર પટ્ટામાં નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિની સીધી અસર ગુજરાત સહિત પશ્ચિમ અને મધ્ય ભારતના હવામાન પર જોવા મળશે.

ખેડૂત અધિકાર યાત્રા અંકલેશ્વરમાં અટકાવતા ખેડૂતોનો હંગામો

હાઈવે પર ધરણા ચીમકી સાથે ખેડૂતોએ વિરોધ કરતાં પોલીસને યાત્રા આગળ જવા દેવી પડી

વીજ ટ્રાન્સમિશન લાઇનના વિરોધ સુરતના ખેડૂતો પર ભરૂચ, નર્મદા જિલ્લામાં પુષ્પવર્ષા કરાઇ

સુરત, કીમ, ભરૂચ : કિસાન સંઘર્ષ સમિતિ ગુજરાત, કિસાન કોંગ્રેસ અને ખેડૂત સમાજ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ખેડૂતોના પ્રશ્નો અને હકોને લઈને બે દિવસીય "ખેડૂત અધિકાર યાત્રા" (ટ્રેક્ટર રેલી) આજે તા. 14 જૂન, 2026ના રોજ રવિવારે સવારે 9 વાગ્યે ઓલપાડ તાલુકાના વડોલી ગામ સ્થિત વડોલી વાંક ખાતેથી નીકળી હતી. 65 ટ્રેક્ટર અને 100 થી વધુ કારના કાફલા સાથે ખેડૂત પરિવારોની રેલી નીકળી હતી. જેમાં અંકલેશ્વરમાં પોલીસે 15 જેટલા ખેડૂતોને અટકાયતમાં લીધા બાદ ખેડૂત આગેવાનો સાથે વાતચીત કરી તેમને છોડી દેવાતા યાત્રા આગળ વધી હતી.

દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશ પટેલ (ઓરમા),સુરત જિલ્લા ખેડૂત સમાજ પ્રમુખ પરીમલ પટેલ અને દર્શન નાયકે હાઈવે પર ધરણા ચીમકી આપવા સાથે વિરોધ નોંધાવતા પોલીસને યાત્રા આગળ જવા દેવી પડી હતી. કોર્પોરેટ કંપનીઓના લાભાર્થે નાખવામાં આવી રહેલી વીજ ટ્રાન્સમિશન લાઈનના વિરોધ સુરતના ખેડૂતો પર ભરૂચ, નર્મદા જિલ્લાના ખેડૂતોએ પુષ્પવર્ષા કરી સ્વાગત કર્યું હતું.

ટ્રેક્ટર યાત્રા પ્રથમ દિવસે સુરતના વડોલીથી હાંસોટ, અંકલેશ્વર, ભરૂચ, રાહડપોર અને હિંગલા ચોકડી થઈને શીમળીયા ગામ સુધી પહોંચી હતી. શીમળીયા ખાતે બપોરના ભોજન બાદ યાત્રા પાલેજ, કરજણ, પાદરા, લક્ષ્મીપુરા, આંકલાવ, આણંદ અને નડિયાદ માર્ગે આગળ વધશે. રાત્રિ રોકાણ નડિયાદ નજીક આવેલા અરેણા ગામે કરવામાં આવશે.

યાત્રાના બીજા દિવસે તા. 15 જૂને સવારે અરેણાથી પ્રસ્થાન કરીને ખેડૂતો અમદાવાદના શાંતિપુરા સર્કલ ખાતે સવારે અંદાજે 10 વાગ્યા સુધી પહોંચશે. દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ આઈ. પટેલ (ઓરમા) અને પરિમલ પટેલે જણાવ્યું હતું કે, વીજ ટ્રાન્સમિશન લાઈન માટે જંત્રી મુજબ મામૂલી વળતર ચૂકવવા સામે ખેડૂતો નારાજ છે. અમારી માંગ બજાર ભાવ મુજબ વળતર મેળવવાની છે. ખેડૂતોના હકો, વળતર, ખેતી સંબંધિત નીતિગત પ્રશ્નો અને વિવિધ પડતર મુદ્દાઓ અંગે સરકારનું ધ્યાન દોરવા માટે આ યાત્રા મહત્વપૂર્ણ સાબિત થશે.

રિંગ રોડ બ્રિજ ૬૨ દિવસ ભારે વાહનો માટે બંધ

ફાલસાવાડીથી માનદરવાજા તરફ જતો ઓવરબ્રિજ રાત્રે ૨૩:૦૦ વાગ્યાથી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી સંપૂર્ણ બંધ રહેશે

સુરતઃ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (GMRC) દ્વારા ચાલી રહેલી મેટ્રો રેલવેની કામગીરી અંતર્ગત વધુ એક મોટો ટ્રાફિક ડાયવર્ઝન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. માનદરવાજા રિંગ રોડ ફ્લાયઓવર બ્રિજ પર પિલ્લર ઉપર પિયર કેપ વર્ક (P547-P547A) ની કામગીરી હાથ ધરવા માટે પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહલૌત દ્વારા એક હંગામી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું આગામી ૧૪ જૂન, ૨૦૨૬થી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી એટલે કે કુલ ૬૨ દિવસ માટે અમલી રહેશે.

જાહેરનામા અનુસાર, માનદરવાજા રિંગ રોડ ઓવરબ્રિજ થઈને સહારા દરવાજા તથા રેલવે સ્ટેશન તરફ જતાં રોડ પર તમામ પ્રકારના ભારે વાહનોની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ વાહનો વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ફ્લાયઓવર બ્રિજની નીચેના રોડનો ઉપયોગ કરી શકશે. કડોદરા તરફથી આવીને માનદરવાજા-ઉધના દરવાજા તરફ જતાં ભારે વાહનો પરવત પાટિયા બ્રિજ નીચેથી કેશવનગર (કબુતર સર્કલ) અને આંજણા ફાર્મ બ્રિજ થઈને કિન્નરી સિનેમા ત્રણ રસ્તા થઈ પોતાના ગંતવ્ય સ્થાને જઈ શકશે.

હળવા વાહનો (LMV) અને ટુ-વ્હીલર્સ માટે રાહતના સમાચાર છે. બોમ્બે માર્કેટ અને ફાલસાવાડી તરફથી માનદરવાજા આવતો ઓવરબ્રિજ દિવસ-રાત ચાલુ રહેશે. જોકે, ફાલસાવાડીથી માનદરવાજા તરફ જતો ઓવરબ્રિજ રાત્રે ૨૩:૦૦ વાગ્યાથી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી સંપૂર્ણ બંધ રહેશે, જ્યારે દિવસ દરમિયાન (સવારે ૦૬:૦૦થી રાત્રે ૨૩:૦૦ સુધી) ખુલ્લો રહેશે. આ પ્રતિબંધમાંથી પોલીસ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને સુરત મહાનગરપાલિકા (SMC) ના આવશ્યક સેવાના વાહનોને મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર વાહનચાલકો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ખડસદથી મેઈન રોડ જોડતો રોડ તૈયાર, પણ સરથાણા પોલીસ સ્ટેશન આડું આવ્યું!

સરથાણા પોલીસ સ્ટેશન માટે જગ્યા પણ ફાળવાઇ ચૂકી છે

સુરતઃ ખડસદથી સરથાણા વિસ્તારને જોડતો મહત્ત્વનો માર્ગ મનપા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે, પરંતુ સરથાણા પોલીસ સ્ટેશનના કારણે તેને મેઈન રોડ સાથે જોડવામાં અવરોધ ઊભો થઈ રહ્યો છે. સરદાર ચોકથી આદર્શ રોડ સુધીના માર્ગનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. જરૂરી પાણી, ડ્રેનેજ અને અન્ય લાઈનો પણ નાંખી દેવામાં આવી છે અને હવે માત્ર ડામરનું કામ બાકી છે. તેમ છતાં સરથાણા પોલીસ સ્ટેશનની દિવાલ માર્ગમાં અવરોધરૂપ બની રહી હોવાથી હજારો લોકોને આ માર્ગનો લાભ મળી શકતો નથી. આ મુદ્દે આમ આદમી પાર્ટીના પૂર્વ કોર્પોરેટર મહેશ અણઘડે તાકીદે પોલીસ સ્ટેશન ખસેડી જગ્યા ફાળવી છે ત્યાં, ભવન બાનાવી સ્થળાંતર માટે માંગ કરી છે.

તેમણે જણાવ્યું કે સરકાર દ્વારા પોલીસ સ્ટેશન માટે અન્યત્ર જમીન ફાળવવામાં આવી હોવા છતાં વર્ષોથી તેનું સ્થળાંતર કરવામાં આવ્યું નથી. અનેક રજૂઆતો છતાં પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી. અણઘડે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને સુરત પોલીસ કમિશનરને તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. તેમણે દાવો કર્યો કે જો પોલીસ સ્ટેશનનું સ્થળાંતર કરવામાં આવે તો કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો માર્ગ જનતા માટે ખુલ્લો થઈ જશે.

સીમાડામાં કુટણખાનું ઝડપાયું થાઇલેન્ડની આઠ યુવતી મળી

હોટલ સનલાઇટના માલિક અને મેનેજરની ધરપકડ

૬ મહિનામાં બીજી વાર દરોડો પડતાં ચકચાર

ગ્રાહકો પાસેથી ૨૫૦૦ થી ૫૦૦૦ રૂપિયા વસૂલાતા હતા

હાઉસ કીપરને સાક્ષી બનાવાયો

સૂત્રોના જણાવ્યા અનુસાર, હોટેલ સન લાઈટમાં અગાઉ પણ અનૈતિક પ્રવૃત્તિઓ બદલ પોલીસ ત્રાટકી ચૂકી છે. માત્ર છ મહિનાના ટૂંકા ગાળામાં જ આ જ હોટેલ પર બીજી વાર દરોડો પડતા હોટેલ ઉદ્યોગમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે આ કેસમાં કાયદાકીય પક્ષ મજબૂત કરવા માટે હોટેલના જ હાઉસ કિપરને પંચ તરીકે રાખી મહત્વનો સાક્ષી બનાવ્યો છે. પોલીસે રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુરતઃ લસકાણા-સીમાડા વિસ્તારમાં આવેલી હોટેલ સન લાઈટમાં સરથાણા પોલીસે બાતમીના આધારે ત્રાટકીને હાઈપ્રોફાઈલ કુટણખાનું ઝડપી પાડ્યું છે. પોલીસે દરોડા દરમિયાન દેહવ્યાપારના ગર્તામાં ધકેલાયેલી ૮ થાઈલેન્ડની અને ૨ ભારતીય મહિલાઓને મુક્ત કરાવી, હોટેલના માલિક અને મેનેજરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ જ હોટેલમાં છેલ્લા છ મહિનામાં પોલીસનો આ બીજો દરોડો હોઈ છે.

સરથાણા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે લસકાણા સીમાડા રોડ પર આવેલી હોટેલ સન લાઈટમાં બહારથી યુવતીઓ બોલાવી દેહવ્યાપારનો કારોબાર ચલાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે હોટેલમાં ડમી ગ્રાહક મોકલી ઓપરેશન પાર પાડ્યું હતું.

પોલીસના દરોડા દરમિયાન હોટેલમાંથી ૮ થાઈ મહિલાઓ અને ૨ ભારતીય મહિલાઓ મળી આવી હતી, જેમને મુક્ત કરાવવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓ થાઈલેન્ડની યુવતીઓ માટે ગ્રાહક દીઠ રૂ. ૫,૦૦૦ અને ભારતીય યુવતીઓ માટે રૂ. ૨,૫૦૦ વસૂલતા હતા.

પોલીસે અનૈતિક વ્યાપાર નિવારણ કાયદા હેઠળ ગુનો નોંધી ઘટનાસ્થળેથી હોટેલના માલિક રોશન જિતેશ માવાણી (રહે. ક્રિષ્ના પાર્ક સોસાયટી, મોટા વરાછા) તથા હોટેલના મેનેજર પ્રિન્સ વિજયભાઈ ભંડેરી (રહે. પાસોદરા, કામરેજ)ની ધરપકડ કરી છે. આ હાઈપ્રોફાઈલ રેકેટમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

ભોઈ સમાજનો પલસાણાના કણાવમાં તુલસી અર્પણ કાર્યક્રમ

પુરુષોતમ માસ નિમિત્તે તુલસી અર્પણનો કાર્યક્રમ યોજાયો

સુરત : હાલમાં અધિક મહિનો ચાલી રહ્યો છે અને તેમાં ભગવાન શ્રી કૃષ્ણને તુલસી અર્પણ કરવામાં આવે છે. જુદા જુદા મંદિરો અને સમાજોમાં આ કાર્યક્રમ સમુહમાં કરવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના ભોઈ સમાજ દ્વારા પલસાણા તાલુકાના કણાવગામમાં તુલસી અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

નાયલોન FDY યાર્ન પર એન્ટી-ડમ્પિંગ ડ્યુટીના પ્રસ્તાવ સામે PMOને રજૂઆત

આયાતી યાર્ન પર પ્રતિબંધ કે વધારાનો કર લાદવાથી હજારો MSME એકમો, 1.5 લાખથી વધુ શ્રમિકો અને ટેક્સટાઇલ ઉદ્યોગને ફટકો પડશેઃ સચિન ઇન્ડ. સોસા.

સુરતઃ સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટીએ નાયલોન FDY (ફુલી ડ્રોન યાર્ન) પર પ્રસ્તાવિત એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી (ADD), મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈસ (MIP), બેઝિક કસ્ટમ ડ્યૂટી (BCD) અથવા અન્ય આયાત પ્રતિબંધો લાગુ કરવાની દરખાસ્ત સામે વડાપ્રધાન કાર્યાલય (PMO) સમક્ષ સશક્ત રજૂઆત કરી છે. સોસાયટીના સેક્રેટરી મયુર જે. ગોળવાલાના હસ્તાક્ષરવાળા પત્રમાં જણાવાયું છે કે આવા પગલાં દેશના હજારો MSME ઉદ્યોગો, વણકરો, પ્રોસેસરો અને શ્રમિકોના હિતોને ગંભીર અસર પહોંચાડશે.

PMOના પ્રિન્સિપલ સેક્રેટરીને સંબોધીને મોકલાયેલા પત્રમાં જણાવાયું છે કે નાયલોન વણાટ અને પ્રોસેસિંગ ક્ષેત્રમાં કાર્યરત હજારો નાના અને મધ્યમ ઉદ્યોગો પહેલેથી જ આર્થિક પડકારોનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં કાચા માલના ખર્ચમાં વધારો થવાથી તેમની સ્પર્ધાત્મકતા ઘટશે, રોજગારી પર અસર પડશે અને હજારો નાના વેપારો માટે મુશ્કેલીઓ ઊભી થશે. સોસાયટીએ દાવો કર્યો છે કે દેશના મોટા નાયલોન ઉત્પાદકો કોઈ આર્થિક સંકટમાં નથી. વિપરીત રીતે, તેમણે છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર નફો કમાવ્યો છે તેમજ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવાની જાહેરાતો પણ કરી છે. આથી બજારમાં માંગ અને તેમની નાણાકીય સ્થિતિ મજબૂત હોવાનું સ્પષ્ટ થાય છે.

મયુર ગોળવાલાએ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે દેશના સ્થાનિક નાયલોન ઉત્પાદકો અને તેમની સંલગ્ન કંપનીઓ પોતે પણ વિવિધ પ્રકારના યાર્નની આયાત કરે છે. આ હકીકત દર્શાવે છે કે આયાત બજારમાં માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન જાળવવા માટે જરૂરી છે. વિવિધ ગુણવત્તા અને સ્પેસિફિકેશનના યાર્નની ઉપલબ્ધતા માટે આયાત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સોસાયટીએ કેટલાક મોટા સ્પિનર જૂથો પર પરોક્ષ રીતે આક્ષેપ કરતાં જણાવ્યું છે કે તેઓ અન્ય ઉત્પાદનો માટે આયાતની તરફેણ કરે છે, પરંતુ નાયલોન યાર્ન માટે એન્ટી-ડમ્પિંગ ડ્યુટીની માંગણી કરી રહ્યા છે. આ પ્રકારની વિરોધાભાસી સ્થિતિ બજારમાં એકાધિકાર, કાર્ટેલાઇઝેશન અને સ્પર્ધા વિરોધી પ્રવૃત્તિઓ અંગે પ્રશ્નો ઊભા કરે છે. પત્રમાં જણાવાયું છે કે આયાતી નાયલોન યાર્ન પર આધારિત 3,000થી વધુ ડાઉનસ્ટ્રીમ યુઝર્સ કાર્યરત છે. ઘણા ઉદ્યોગકારો પુરવઠામાં ખલેલ, વ્યાપારી દબાણ અને અન્ય કારણોસર ખુલ્લેઆમ પોતાની ચિંતા વ્યક્ત કરી શકતા નથી. આ સમગ્ર ક્ષેત્રની નબળાઈ અને યોગ્ય સ્પર્ધા જાળવવાની આવશ્યકતા દર્શાવે છે. સોસાયટીએ કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે નાયલોન FDY યાર્ન પર પ્રસ્તાવિત એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી, મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈસ અથવા અન્ય આયાત નિયંત્રણોને નકારી કાઢવામાં આવે.

અનુસંધાન

... પાના છેલ્લાનું

સુરત-દુબઈ...

પર તાત્કાલિક વિરામ મૂકાયો હોવાનું માનવામાં આવે છે. આ દરમિયાન ટ્રાવેલ એજન્ટોનું કહેવું છે કે સીધી ફ્લાઈટ બંધ થતાં દુબઈ જતાં મુસાફરોને અન્ય એરપોર્ટ મારફતે પ્રવાસ કરવો પડશે. જો ઓક્ટોબર બાદ માંગ અને ઓપરેશનલ સ્થિતિ અનુકૂળ રહેશે તો સેવા ફરી શરૂ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. દુબઈની સીધી સેવા બંધ રહેતાં સૌથી વધુ અસર વ્યાપારી મુસાફરો અને યુએઈમાં વસતા દક્ષિણ ગુજરાતના પરિવારોને થવાની સંભાવના છે.

નાસીર નગરના...

વિરોધાભાસી નિવેદનો વચ્ચે હવે અસરગ્રસ્ત પરિવારોને સમજાવી મામલો થાળે પાડવાના પ્રયાસો શરૂ થયા હોવાના આક્ષેપો કોંગ્રેસના અસલમ સાયકલવાલા દ્વારા કરવામાં આવ્યા છે.

કોંગ્રેસના સ્થાનિક નેતાઓના જણાવ્યા મુજબ, ડિમોલિશનનો વિવાદ કોર્ટ સુધી ન પહોંચે અને કાયદાકીય ગૂંચવણો ન સર્જાય તે માટે અસરગ્રસ્ત પરિવારો પર વિવિધ પ્રકારના દબાણ લાવવામાં આવી રહ્યા છે. પીડિતોને એકત્રિત કરી તેઓએ પોતાના મકાનો સ્વૈચ્છિક રીતે તોડી પાડ્યા હોવાનું નિવેદન આપવા સમજાવટ તેમજ ધાક-ધમકીનો સહારો લેવાઈ રહ્યો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.આક્ષેપ મુજબ, વૈકલ્પિક રહેઠાણ, આર્થિક સહાય અને અન્ય સરકારી સુવિધાઓની ખાતરી આપીને પરિવારોને મનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા 16 દિવસથી અસરગ્રસ્ત પરિવારો ખુલ્લા આકાશ નીચે જીવન વિતાવી રહ્યા છે અને તેમને સ્વૈચ્છિક ડિમોલિશન સ્વીકારવા માટે સામ, દામ અને દંડની નીતિ અપનાવવામાં આવી રહી છે. જોકે, આ તમામ આક્ષેપો અંગે મહાનગરપાલિકા તરફથી કોઈ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી.

કાજલ હિન્દુસ્તાનીના આક્ષેપો સામે સ્વાતિ સોસા મેદાનમાં આવ્યા

સુરત : નાસીરનગર ડિમોલિશન પ્રકરણને લઈને શરૂ થયેલો રાજકીય વિવાદ હવે ભાજપના નેતાઓ વચ્ચેના જાહેર નિવેદનો સુધી પહોંચી ગયો છે. કાજલ હિન્દુસ્તાની દ્વારા ધારાસભ્ય વિનુ મોરડિયા પર ઘૂસણખોરો અને ગેરકાયદે કબજેદારોને સમર્થન આપવાનો આક્ષેપ કરવામાં આવ્યા બાદ ભાજપના મહિલા નેતા ડો. સ્વાતિ સોસા તેમના બચાવમાં ખુલ્લેઆમ સામે આવ્યા છે.સ્વાતિ સોસાએ જણાવ્યું હતું કે કાજલ હિન્દુસ્તાની અધૂરી માહિતીના આધારે વિનુ મોરડિયાને વ્યક્તિગત રીતે ટાર્ગેટ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે વિનુ મોરડિયાએ ક્યારેય કોઈ ઘૂસણખોર કે ગેરકાયદે પ્રવૃત્તિને સમર્થન આપ્યું નથી. તેમના જણાવ્યા મુજબ ધારાસભ્યએ માત્ર એટલો જ સવાલ ઉઠાવ્યો હતો કે જો સુરત મહાનગરપાલિકા ડિમોલિશન માટે જવાબદાર નથી, તો પછી આ કાર્યવાહી કોણે કરી હતી. વિનુ મોરડિયા વર્ષ 1992થી વિશ્વ હિન્દુ પરિષદ સાથે સક્રિય રીતે જોડાયેલા રહ્યા છે અને હંમેશા હિન્દુત્વ તથા રાષ્ટ્રવાદી વિચારધારાના સમર્થક રહ્યા છે. આવા નેતા પર ઘૂસણખોરોને સમર્થન આપવાના આક્ષેપો તથ્યવિહોણા છે. તેમણે કાજલ હિન્દુસ્તાનીને કતારગામ અને નાસીરનગર વિસ્તારની મુલાકાત લઈ વાસ્તવિકતા જાણવા પડકાર કર્યો હતો.

બિલ્ડરે પ્લાન...

કરેલુ બાંધકામ યથાવત હોવાનુ જાણવા મળી રહયું હોય. બિલ્ડરો અને મનપાના તંત્ર વચ્ચે કંઇક રંધાયુ હોવાની શંકા પ્રબળ બની રહી છે.

LRDના પેપરમાં...

ઉમેદવારો માટે આ પરીક્ષા માત્ર સ્પર્ધાત્મક કસોટી નહીં, પરંતુ બુદ્ધિ અને સમજણની સાચી પરીક્ષા બની રહી હતી. સુરત જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર નોંધાયેલા 60,180 ઉમેદવારમાંથી 56,065 ઉમેદવારે હાજરી આપી હતી. 93.16 ટકાની આ હાજરી ભરતી પરીક્ષાઓમાં અસાધારણ ગણાય તેવી રહી હતી. કડક પોલીસ બંદોબસ્ત, સીસીટીવી સર્વેલન્સ અને પારદર્શક વ્યવસ્થાઓ વચ્ચે પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. 39 પાનાના પ્રશ્નપત્રમાં સીધા સામાન્ય જ્ઞાન કે કાયદાકીય જોગવાઈઓ કરતાં ડેટા એનાલિસિસ, તાર્કિક કોયડા, સંભાવના, ગણિતીય ક્ષમતા અને સામાજિક-વૈશ્વિક વિષયોનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. તજજ્ઞોના મતે પ્રશ્નપત્રનું સ્તર 'મોડરેટ ટુ હાર્ડ' હોવા છતાં વિશ્લેષણાત્મક ક્ષમતા ધરાવતા ઉમેદવારો માટે તે સ્કોરિંગ સાબિત થઈ શકે છે. પેપરનું સૌથી ચર્ચાસ્પદ પાસું એ રહ્યું કે તેમાં આજના સમયના સામાજિક અને વૈશ્વિક પડકારોને સીધા સ્પર્શતા પ્રશ્નો સામેલ કરવામાં આવ્યાં હતાં. ભારતમાં યુવા પેઢીના ખોરાકમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડના વધતા પ્રમાણ અને તેના કારણે સર્જાતા મેદસ્વીપણા અંગેનો પ્રશ્ન ઉમેદવારોમાં ખાસ ચર્ચાનો વિષય બન્યો હતો. આ ઉપરાંત યુદ્ધના કારણે પર્યાવરણ પર પડતી લાંબા ગાળાની અસરો, ઈરાનમાં થયેલા કાળા વરસાદની ઘટના અને સંયુક્ત રાષ્ટ્રસંઘના અહેવાલોના આધારે પૂછાયેલા પ્રશ્નોએ સ્પર્ધાત્મક પરીક્ષાઓના બદલાતા સ્વરૂપની ઝલક આપી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવારોમાં ચર્ચાનો મુખ્ય વિષય પ્રશ્નપત્રની નવીનતા અને તેની ઊંડાણસભર રચના રહી હતી.

પસ્તાવો થતાં...

પોતાની ભૂલનો ભારે પસ્તાવો થયો હતો. જેથી વહેલી સવારે તે પોતાનો ચહેરો કપડાથી ઢાંકીને ફરી એ જ સ્થળે આવી પહોંચી હતી. તેણે સાઈકલને તેની મૂળ જગ્યાએ સુરક્ષિત રીતે પાર્ક કરી દીધી હતી અને ત્યાં દિવાલ પર લાગેલા સીસીટીવી કેમેરા તરફ જોઈને બંને હાથ જોડી ભગવાન અને માલિકની માફી માંગી હતી. આ 'સંસ્કારી ચોર'ની કરતૂત કેમેરામાં કેદ થઈ હતી. સીસીટીવી ફૂટેજમાં વિડીયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં લોકો કહી રહ્યા છે કે, ભૂલ ગમે તેટલી મોટી હોય, પણ સમયસર તેનો સ્વીકાર કરી લેવો એ જ સાચી માનવતા છે.